# પ્રાંતિજ રેલ્વે સ્ટેશન અંડર બ્રીજ ઉપર લાઈટો શોભાના ગાંઠીયા સમાન

**અંધારપટ રહેતા વાહન ચાલકો તથા અવરજવર કરતા લોકો પરેશાન : અંડર બ્રીજમાં લાગેલ લાઇટો ચાલુ કરવા માંગ**



પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ રેલ્વે અંડર બ્રીજ ઉપર લાગેલ વીજ લાઈટો માત્ર શોભાના ગાંઠિયા સમાન હોય તેવુ સ્પષ્ટ પણે જણાઈ આવે છે. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા રેલ્વે અંડર બ્રીજ ઉપર લગાવવામા આવેલ લાઈટો રાત્રી ના સમયે ચાલુ ના હોય અને દિવસે શોભા વધાવતી લાઈટો રાત્રી ના બંધ રહેતા અહીથી અવરજવર કરતા લોકો સહિત આજુબાજુમા રહેતા રહીશો તથા રાત્રી ના રોજીંદુ અવરજવર કરતા વાહન ચાલકો અંધારપટ ને લઈ ને હેરાન પરેશાન થઈ રહ્યા છે તો રાત્રીના અંધારપટ રહેતા એક દમ સામેથી વાહનો આવતા નાના વાહન ચાલકોને કે ચાલતા જતા મુસાફરો ને અકસ્માત નો ભંય પણ સતાવે છે ત્યારે અહીથી રાત્રીનુ દરમ્યાન અવરજવર કરતા રહીશોએ તથા આ વિસ્તાર ના રહીશો દ્વારા રજુઆત બાદ પણ અંડર બ્રીજ ઉપર લાગેલ લાઈટો ચાલુ ના થતા જવાબદાર તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે ત્યારે દિવસે બ્રીજ ની શોભા વધારતી લાઈટો રાત્રી ના અંધારપટ રહેતા હાલતો આ લાઈટો શોભાના ગાંઠીયા સમાન છે તેમ કહીએ તો નવાઈ નહી.

## ૩ તાલુકામાં અડધો ઈંચ તોફાની વરસાદ, અન્ય ૪ તાલુકામાં ઝરમરીયો

# જિલ્લામાં ફરી વાવાઝોડાનો આતંક, ૪૬ મકાનોનાં પતરાં હવામાં ફંગોળાયાં

**હિંમતનગર તાલુકામાં સૌથી વધુ નુક્સાન, અનેક પરિવારો ચોમાસા પહેલાં ઘર વિહોણા બન્યા : મકાન ઉપરાંત તબેલાના શેડ પણ હવામાં ફંગોળાયા**





બાયડ તા.૦૭

ગત માંડી રાત્રે જિલ્લામાં વાવાઝોડા, વીજળીના ડરામણા કડાકા સાથે વરસાદ ત્રાટક્યો હતો. જેમાં ૪૬ મકાનોનાં પતરાં દૂર દૂર સુધી હવામાં ફંગોળાતાં અનેક પરિવારો ચોમાસા પહેલાં ઘરવિહોણાં બની ગયાં છે. નુકસાનગ્રસ્ત વિસ્તારોમાં હિંમતનગર અને ઈડર ટી.ડી.ઓ. દ્વારા તાબડતોબ સર્વેના આદેશ કરી દેવામાં આવ્યા છે. જ્યારે ભિલોડા તાલુકાના રામનગર તેમજ મોડાસા તાલુકાના લાલપુરમાં પણ વાવાઝોડાના કારણે ૩થી વધુ મકાનોના પતરાં અને શેડ હવામાં ફંગોળાતાં પશુપાલકોની સ્થિતિ પણ કફોડી બની છે. આ વર્ષે ચોમાસુ શરુ થાય તે પહેલાં વાવાઝોડાએ ખાસ કરીને સાબરકાંઠાને ધમરોળી નાખ્યાનું ચિત્ર સામે આવ્યું છે. જ્યારે હિંમતનગર તાલુકામાં વાવાઝોડા પછી વરસાદ ખાબકતાં ઈજાના કારણે એક ભેંસનું મોત નિપજ્યું છે. જિલ્લાના ઈડર, મોડાસા અને ભિલોડા તાલુકામાં અડધા ઈંચ સુધીનો વરસાદ વરસ્યો હતો. અન્ય તાલુકાઓમાં ઝરમરીયો વરસાદ નોંધાયો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ચોમાસાની જમાવટ થવામાં વધુ ને વધુ વિલંબ થઈ રહ્યો છે પરંતુ ચક્રવાતી હવાના દબાણના કારણે રાજ્ય સહિત જિલ્લાના અનેક વિસ્તારોમાં વાવાઝોડા સાથે વરસાદ વરસી રહ્યો છે. રવિવારે આવેલા વાવાઝોડા સાથેના વરસાદના ભયના ઓથારમાંથી પ્રજા માંડ બહાર આવી ત્યાં સોમવાર-મંગળવારની માંડી રાત્રે વાવાઝોડા સાથે ત્રાટકેલા વરસાદે ઈડરના બરવાવ, જાદર, હિંમતનગર તાલુકાના ૧૨ થી વધુ ગામો તેમજ મોડાસા, ભિલોડા સહિતના પટ્ટામાં ૬૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાયા પછી વીજળીના કડાકા ભડાકા સાથે ત્રાટકેલા વાવાઝોડા સાથેના વરસાદમાં કેટલાક મકાનનાં પતરાં દૂર દૂર ફંગોળાયાં છે. જ્યારે અગાઉ થયેલા નુક્સાનનો સર્વે પૂરો થયો નથી ત્યાં વધુ એક વાવાઝોડાથી નુક્સાન થતાં તંત્રને ફરી એકવાર નુક્સાનનો સર્વે કરવા ગામડાં ખૂંદવાની જરુર પડી છે. ભિલોડા તાલુકાની વણઝર ગ્રામ પંચાયતના રામપુરામાં ત્રાટકેલા વાવાઝોડા પછી હસમુખભાઈ ઈશ્વરભાઈ પટેલ અને કનુભાઈ ઈશ્વરભાઈ પટેલના મકાન પરનાં પતરાં ઉડીને દૂર દૂર ફંગોળાતાં તમામ ઘરવખરી તેમજ અન્ય સામાન ભીંજાઈ જતાં માતબર નુક્સાન પહોંચ્યું છે. મોડાસા તાલુકાના લાલપુરમાં મોંડી રાત્રે વરસાદ સાથે વાવાઝોડું ફૂંકાતાં ૪ જેટલા ખેડૂતોના તબેલાના શેડ હવામાં ફંગોળાવવાની સાથે ઝાડ પડવાથી ખેતરની ઓરડીઓને પણ નુકસાન થયાના અહેવાલ છે.

### હિંમતનગર તાલુકામાં ૩૫ મકાનોને નુક્સાન

હિંમતનગર તાલુકા વિકાસ અધિકારી પી.એમ.સીસોદીયાએ જણાવ્યું કે ગત રાત્રે વાવાઝોડું ત્રાટકતાં વાવડી, બલોચપુર, ખેડ, જાંબુડી, અંબાવાડા, મોરડુંગરા, ગઢા, કડવાડીયા, નવા, બોખોર, વાંટડી, અરજણપુરા, બામણા, કડોલી, પુનાસણ, ઢબાલ, ઈલોલ અને તાજપૂરીમાં અનેક મકાનોનાં પતરાં અને તબેલાના શેડ હવામાં ઉડી ગયા છે અને નુક્સાની અંગેનો સર્વે કરવા માટે ટીમોને સૂચના આપવામાં આવી છે. તાલુકાના લીખી ગામે ભેંસ ઉપર ઝાડ પડતાં ભારતસિંહ દેવુંસિંહ ચૌહાણની ભેંસનું ઈજાથી મૃત્યુ થયું છે.

### હિંમતનગર તાલુકામાં ૩૫ મકાનોને નુક્સાન

હિંમતનગર તાલુકા વિકાસ અધિકારી પી.એમ.સીસોદીયાએ જણાવ્યું કે ગત રાત્રે વાવાઝોડું ત્રાટકતાં વાવડી, બલોચપુર, ખેડ, જાંબુડી, અંબાવાડા, મોરડુંગરા, ગઢા, કડવાડીયા, નવા, બોખોર, વાંટડી, અરજણપુરા, બામણા, કડોલી, પુનાસણ, ઢબાલ, ઈલોલ અને તાજપૂરીમાં અનેક મકાનોનાં પતરાં અને તબેલાના શેડ હવામાં ઉડી ગયા છે અને નુક્સાની અંગેનો સર્વે કરવા માટે ટીમોને સૂચના આપવામાં આવી છે. તાલુકાના લીખી ગામે ભેંસ ઉપર ઝાડ પડતાં ભારતસિંહ દેવુંસિંહ ચૌહાણની ભેંસનું ઈજાથી મૃત્યુ થયું છે.

### જિલ્લામાં ૨૪ કલાકમાં વરસેલ વરસાદ

| તાલુકો | વરસાદ (મિમીમાં) |
|---|---|
| ખેડબ્રહ્મા | ૦૫ |
| વિજયનગર | ૦૦ |
| વડાલી | ૦૮ |
| ઈડર | ૧૮ |
| હિંમતનગર | ૦૭ |
| પ્રાંતિજ | ૦૦ |
| તલોદ | ૦૦ |
| પોશીના | ૦૦ |
| ધનસુરા | ૦૨ |
| બાયડ | ૦૦ |
| મેઘરજ | ૧૦ |
| માલપુર | ૦૦ |
| મોડાસા | ૧૪ |

જ્યારે હિંમતનગર તાલુકાના પુરાલમાં પણ વાવાઝોડું ફૂંકાતાં કેટલાક મકાનોનાં પતરાં હવામાં ફંગોળાયાં હતાં.

## વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

# ૧૧૧૧ વૃક્ષોનું પીપળ વનનું નિર્માણ અને પ્રકૃત્તિ ચિંતન બેઠકનું નિર્માણ કરાયું

ધાનેરા તા.૭

આજે ૫ જુન ને વિશ્વ પર્યાવરણ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી તે દરમિયાન સામરવાડા પાસે આવેલી જીવ દયા દ્વારા ગ્રીન ગ્લોબલ બ્રિગેડ ગુજ. રાજ્ય, એજ્યુફન ફાઉન્ડેશન ટ્રસ્ટ તથા શ્રી શાંતિનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જીવદયા વાત્સલ્ય ધામ ધાનેરા ખાતે ૧૧૧૧ વૃક્ષોનું પીપળવળનું નિર્માણ કરવા માટે આજે ૧૧૧ વૃક્ષો વાવવામાં આવ્યા અને પ્રકૃતિ ચિંતન બેઠક યોજાઈ પર્યાવરણ ઋષિ તરીકે જાણીતા વડીલ ડો.નવીન કાકા અને નિવૃત્ત ફોરેસ્ટ ઓફિસર ગોવિંદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે ,જીવદયા વાત્સલ્ય ધામમાં ૧૧૧ દેશી કુળના વૃક્ષો વાવી અને પ્રકૃત્તિ સંરક્ષણ માટે કાર્ય કરતા યુવાનોનું સન્માન કરવામાં આવ્યું. આવનારા સમયમાં ધાનેરા તાલુકાના તમામ ગામોની મંદિર, સ્મશાન જેવી ભૂમિમાં સઘન વૃક્ષારોપણ થાય અને વૃક્ષો ઉછેર પામે એ માટે ગ્રીન ગ્લોબલ બ્રિગેડ, એજ્યુફન ફાઉન્ડેશન ટ્રસ્ટ અને મિશન ગ્રીન ધાનેરા દ્વારા ગામલોકો અને પંચાયત સાથે રાખીને વૃક્ષો ઉછેર કરવામાં આવશે. આ પ્રસંગે ૯૮૪ બનાસકાંઠા જિલ્લાના પ્રમુખ રામાભાઈ રાજપૂત, ધાનેરા તાલુકા પ્રમુખ દિનેશભાઈ પટેલ, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના ઈશ્વરભાઈ પટેલ અને એમની ટીમ પણ ઉપસ્થિત રહી હતી.

# પ્રાંતિજ ખાતે આવેલ એલ આઈ સીનો કમ્પાઉન્ડ હોલની દિવાલ ધરાશયી થઈ

**અવરજવરના હોય મોટી જાનહાની ટળી : દશ ફુટ ઉંચી અને વીસ ફુટ લાંબી દિવાલ ધરાશયી થઈ**



પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ એલઆઈસી ની પાછળ ના ભાગે આવેલ કમ્પાઉન્ડ હોલ ની દિવાલ ધરાશયી થઈ.પ્રાંતિજ ખાતે આવેલ એલઆઈસી ની પાછળ ના ભાગે આવેલ કમ્પાઉન્ડ હોલ ની દશ ફુટ ઉંચી અને વીસ ફુટ લાંબી દિવાલ અચાનક સોમવાર ના સાજના સમયે ધરાશયી થઈ હતી તો દિવાલ ધરાશયી થતા સદનસીબે કોઈ અવરજવર કે તેની પાસે કોઈ વાહન ના હોય મોટી જાનહાનિ ટળી હતી.

# પ્રાંતિજ ભોઈવાસ આંગણવાડી ખાતે કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ભોઈવાસ ખાતે આવેલ આંગણવાડી કેન્દ્ર ખાતે મહિલા મોરચાની બહેનો દ્વારા નરેન્દ્રભાઈ મોદી ના નવવર્ષ ના સાસન વિકાસ ને લઈ ને કામોને લઈ ને આંગણવાડી કેન્દ્ર ખાતે પણ મહિલા મોરચા ના બે ઉપપ્રમુખ બહેનો ના સાંનિધ્ય મા કાર્યક્રમ યોજાયો. ભારતીય જનતા પાર્ટી દ્વારા તા.૩૧ મે થી ૩૦ જુન સુધી ના ભાજપ દ્વારા નરેન્દ્રભાઈ મોદી ના નેતૃત્વ ના નવ વર્ષ ના સાસન મા થયેલ ભારત વિકાસ ના કામો તથા ભ્રષ્ટ્રાચાર મુકત ભારત સહિત ના કાર્યક્રમો ને લઈ ને પ્રાંતિજ ભોઈવાસ ખાતે આવેલ વોર્ડ નંબર-૩ ની ભોઈવાસ આંગણવાડી ખાતે





કાર્યક્રમ યોજાયો હતો અને આંગણવાડી ખાતે આપવામા આવતી કીટો તથા કુપોષણ સહિત ભુલકાઓને આપવામા આવતો પૌષ્ટિક આહાર સહિત ની ચકાસણી તથા તેવોઓની માતાઓ વાલીઓ સાથે સીધો સંપર્ક તથા બાળકોને આપવામા આવતુ કઠોર કીટ સહિત ની કિટ તથા કિશોરી બહેનો ને આપવામા આવતી કિટ સહિત ની ચકાસણી સહિત સમજ આપી હતી તો સરકાર દ્વારા બાળકો સહિત ભુલકાઓની ચકાસણી સહિત નો કાર્યક્રમ પ્રાંતિજ ખાતે કાર્યરત ભાજપ ના મહિલા મોરચાના ઉપપ્રમુખ પદમાબેન રાવલ તથા ઉપપ્રમુખ રિધ્ધીબેન ભટ્ટ ના સાંનિધ્ય મા કાર્યક્રમ યોજાયો હતો જેમા બાળવિકાસ મહિલા ચેરમેન રેખાબા રણજીતસિંહ ઝાલા , જિલ્લા મહિલા મોરચા ના મહામંત્રી કાજલબેન દોશી , જિલ્લા મહિલા મોરચાના મહામંત્રી લીનાબેન વ્યાસ , જિલ્લા સંગઠન મંત્રી વર્ષાબેન સથવાળા નગરપાલિકા પૂર્વ પ્રમુખ ગીતાબેન પટેલ , મહિલા મોરચાના પ્રમુખ જીગજ્ઞાબેન સોની , મંત્રી સોનલબેન દેસાઈ , ઉપપ્રમુખ પદમાબેન રાવલ , ઉપપ્રમુખ રિધ્ધીબેન ભટ્ટ , ઉપપ્રમુખ કલાબેન બારોટ , જાગૃતિબેન કડીયા સહિત મહિલા મોરચાની બહેનો સહિત આંગણવાડી ની બહેનો બાળકો સહિત માતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

# નવી પેઢીના સર્જકો દ્વારા 'સાબરવલ્લી સાહિત્ય પરિવાર'ની રચના....



સરડોઈ,તા.૭

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની ભૂમિએ ગુજરાતી ભાષાની ગરિમા વધારતા અનેક સર્જકો આપ્યા છે ત્યારે નવી પેઢીના સર્જકોને તેમની ઓળખ ઊભી કરવામાં સરળતા રહે તે માટે બંને જિલ્લાના સયુંકત સાબરવલ્લી સાહિત્ય પરિવારની તાજેતરમાં રચના કરવામાં આવી છે.જેમાં આ પરિવારના સર્જકોનું પ્રથમ સંમેલન હિંમતનગર કેનાલ ફ્રન્ટ ખાતે યોજવામાં આવ્યું હતું.આ પ્રસંગે પલ્લવી ગુપ્તા , વાસવદત્તા નાયક ( ક્રિષ્ના દીવાની) ,સંદિપ પટેલ કસક ( ઈડર),જીજ્ઞેશ સોલંકી ( મોયદ), મિલન ચૌહાણ,ગૌરવ શાહ એકાંત અને ઉમેશ શાહ ( મોડાસા) વગેરે સાહિત્ય સર્જકો ઉપસ્થિત રહ્યા હતા.સંમેલનમાં ઉપસ્થિત કવિઓએ પોતાની રચનાઓની પ્રસ્તુતિ સાથે સંગઠનના ઉદ્દેશ્ય અને આગામી આયોજનની ચર્ચા કરી હતી.સાહિત્ય પરિવારના સંગઠનની રચના પછી આયોજિત પ્રથમ સંમેલનમાં વરિષ્ઠ સાહિત્યકારો અને નવી પેઢીના સર્જકો વચ્ચે સેતુ બંધાય અને નવોદિત સર્જકોને પણ તેમના સર્જનને યોગ્ય પ્લેટફોર્મ મળે તેવા પ્રયાસ કરવા ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

# આર.બી.એલ બેંક લિમિટેડ દ્વારા પર્યાવરણ દિવસની ઉજવણી અનોખી રીતે કરી




પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા ના પ્રાંતિજ ખાતે આવેલ બેક દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ ને લઈ ને બેક ગ્રાહકોને તુલસીના છોડ સહિત છોડ નુ વિતરણ કરવામા આવ્યુ. પ્રાંતિજ નેશનલ હાઈવેઆઠ કમાલપુર પાસે આવેલ આર.બી.એલ બેક લિમિટેડ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ ને લઈ ને પોતાની બેક મા આવતા બેક ગ્રાહકોને તુલસીના છોડ સહિત આયુર્વેદિક છોડનુ વિતરણ કરવામા આવ્યુ હતુ અને વુક્ષો ઉછેરીને પર્યાવરણ અને પુથ્વીનુ જતન કરવામા જણાવ્યુ હતુ ને વિશ્વ પર્યાવરણ દિવસ ની શુભેચ્છાઓ પાઠવવામા આવી.

# પાલનપુરની યુવતીને અમદાવાદમાં પતિએ ઘરમાં કેદ કરી દીધી!!!

પાલનપુર તા.૭

પાલનપુરની યુવતીને અમદાવાદ સ્થિત તેના સાસરીયાઓએ શારિરીક- માનસિક ત્રાસ ગુજાર્યો હતો. તેમજ ઘરમાં પુરી દીધી હતી. જ્યાંથી નાસી આવેલી તેણીએ પાલનપુરપોલીસ મથકે પતિ સહિત સાસરીયાઓ સામે ફરિયાદ નોંધાવી હતી.

પાલનપુરના કોમલબેન ઠક્કરના લગ્ન વર્ષ ૨૦૧૭ માં સમાજના રિતી રિવાજ મુજબ પાલનપુરના શાક માર્કેટપાછળ રહેતા અને હાલમાં અમદાવાદના બોપલમાં રહેતા અશોકભાઈ આચાર્યના દિકરા નિતાંત સાથે થયા હતા. જ્યાં તેમના સાસુ, સસરા, નણંદ તેમજ પતિ અવારનવાર શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. અને એક દિવસ રૂમમાં પૂરી દીધા હતા જે બાદ કોમલબેન ઘરનો દરવાજો ખોલી પાલનપુર રહેતા પોતાના પિતાના ત્યાં પિયરમાં આવી ગયા હતા. આ અંગે કોમલબેને નિતાંત અશોકભાઈ આચાર્ય, અશોકભાઈ શંકરલાલ આચાર્ય, ગીતાબેન અશોકભાઈ આચાર્ય અને ગાર્ગીબેન અંકિતકુમાર મજેઠીયા સામે પાલનપુર મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# પાલનપુરની યુવતી ઉપર રાજસ્થાનના સાસરીયાઓએ ત્રાસ ગુજાર્યો

પાલનપુર તા.૭

પાલનપુરની સત્યમ સીટીમાં રહેતા પૂજાબેનના લગ્ન બે વર્ષ અગાઉ રાજસ્થાનના ઉદયપુરના મોહિતભાઈ છાદવાણી સાથે થયા હતા. જ્યાં તેમના સાસુ ,સસરા, નણંદ અને પતિ અવારનવાર શારીરિક માનસિક ત્રાસ આપતા હતા અને દહેજમાં કાઈ લાવી નથી. તારે સંતાન નથી. મારે તને રાખવી નથી તું તારા પિયરમાં જતી રહે અને દહેજ લઈને આવ એમ કહી શારિરીક માનસીક ત્રાસ આપી દહેજની માંગણી કરી ગદડા પાટુનો મારમાર્યો હતો. અને પાલનપુર મુકી ગયા હતા. આ અંગે પૂજાબેને મોહિતકુમાર બસંતભાઈ છાદવાણી, બસંતભાઈ અર્જુનદાસ છાદવાણી, મનીષાબેન બસંતભાઈ છાદવાણી અને સોનિયાબેન બસંતભાઈ છાદવાણી સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# પાલનપુરના ડોકટર હાઉસ વિસ્તારમાં સગીરે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ફરિયાદ નોંધાઈ

**આપઘાત કરવા દુષ્પ્રેરણા મામલે ચાર સામે ફરિયાદ નોંધાઇ**

પાલનપુરતા.૭

પાલનપુરના ડોક્ટર હાઉસ વિસ્તારમાં એક સગીરે રવિવારે રાત્રે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.જે બાબતે તેના પરિવારજનોએ ચાર લોકોએ તેને થાપ મારી ધમકાવ્યો હોવાથી મનમાં લાગી આવતા તેણે આપઘાત કરી લીધો હોવા મામલે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

પાલનપુરના ડોક્ટર હાઉસ વિસ્તારમાં રહેતા વિક્રમ ગોપાલભાઈ દંતાણી ઉંમર વર્ષ ૧૬ અન્ય બે યુવકો સાથે રવિવારે રાત્રે કુદરતી હાજતે જઈ પરત આવતા હતા ત્યારે નરેશભાઈ પરથીભાઈ દેવીપુજક, રેખાબેન નરેશભાઈ દેવીપુજક, વિશાલ નરેશભાઈ દેવીપુજક, તેમજ કલ્પેશભાઈ નરેશભાઈ દેવીપુજક એ તેને કહેલ કે તું મારી દીકરી સામે કેમ જુએ છે, અને હાથ ઊંચા કરી ઈશારો કેમ કરે છે, તેમ કહી થાપ મારી ધમકાવ્યો હતો અને આજ પછી મોઢું બતાવતો નહીં તેમ કહ્યું હતું. જેથી વિક્રમને મનમાં લાગી આવતા ડોકટર હાઉસમાં આવેલી એક હોસ્પિટલની સામે ખુલ્લી જગ્યામાં બનાવેલા છાપરામાં રૂમાલ જેવા કપડાના છેડા વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો જોકે તેના પરિવારજનોએ રાત્રે તેની શોધ કોણે હાથ કરી હતી ત્યારે મોડી રાત્રે ૩ વાગે તેને ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. જે મૃતકના કાકી નાથીબેન દિનેશભાઈ દંતાણીએ પોલીસ મથકે દુષ્પ્રેરણા મામલે ચાર સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## દુઃખદ નિધન...



બાયડ તાલુકાના ચોઈલા ગામના એડવોકેટ પિયૂષભાઈ ભાવસાર(યમુનાકુંજ સોસાયટી-બાયડ) અને હેમંતભાઈ ભાવસાર(સ્વામિનારાયણ સોસાયટી, વિભાગ-૧)નાં માતા શારદાબેન કનૈયાલાલ ભાવસારનું નિધન થતાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા. સ્વર્ગસ્થનું બેસણું તા.૯ જૂન, શુક્રવારે બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ દરમ્યાન યુનિટી બેન્કવેટ હોલ, રીલાયન્સ પેટ્રોલ પંપની સામે, વાત્રક રોડ, બાયડ ખાતે રાખેલ છે.

## ડીસામાં મોડી સાંજે વાતાવરણમાં પલટો

સમગ્ર બનાસકાંઠામાં હવામાનમાં પલટો આવતા વાવાજોડા સાથે વરસાદી માહોલની અસર જોવા મળી રહી છે જેને લઈને ગરમીથી લોકોને રાહત મળી છે પરંતુ વાવાઝોડાના પગલે લોકોની મુશ્કેલી વધી છે અને ભારે પવનના કારણે વાતાંવરણ ડહોળાઈ જવા પામ્યું છે. તેમજ ખેતીના તૈયાર પાકોને વ્યાપક નુકશાન થવા પામ્યું છે.